વિધાનસભાની ચૂંટણીમાં તલોદ તાલુકાને પ્રતિનિધિત્વ મળે તેવી પ્રબળ માંગ

તલોદ, તા. ૨

રાજ્યમાં તેરમી ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠક માટે તલોદ તાલુકાને પ્રતિનિધિત્વ મળે તેવી પ્રબળ માંગ બન્ને પક્ષોના કાર્યકર્તાઓ કરી રહ્યા છે. તલોદ તાલુકાને વિધાનસભામાં પ્રતિનિધિત્વ ન મળવાથી વિકાસથી વંચિત રહ્યો હોવાનું પણ નાગરીકો જણાવી રહ્યા છે. જ્ઞાતિ આધારીત સમીકરણો આ બેઠક પર થવાના છે ત્યારે ક્ષતિય મતદારો તલોદ તાલુકામાં સૌથી વધુ હોવાના કારણે બન્ને પક્ષોના ઉમેદવાર સમક્ષ દાવેદાર હોવાની ચર્ચા ચાલી રહી છે. વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે હાલ ૧૮૨ સિટો માટેના ઉમેદવારો નક્કી કરવા ભાજપના અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોએ મથામણો શરૂ કરી દીધા છે.જેમાં પ્રાંતિજ તલોદ વિધાનસભા બેઠક માટે પણ બન્ને પક્ષોના કાર્યકર્તાઓએ તલોદને પ્રતિનિધિત્વ મળે તેવી માંગ કરી છે.

તલોદ તાલુકાને વર્ષોથી પ્રતિનિધિત્વ ન મળ્યું હોવાનું જણાવી ઠાકોર સમાજે આ અંગે ઠાકોર જ્ઞાતિના ઉમેદવારને કોંગ્રેસ પક્ષ પ્રતિનિધિત્વ આપે તેવી માર્ગ કાર્યકર્તાઓએ લાગણી સાથે કરી છે. તલોદ તાલુકામાં ૧ લાખ ૫ હજાર ક્ષત્રિય મતદારો છે. જેમાં સરેરાશ ૭૫ હજારથી વધુ ઠાકોર જ્ઞાતિના મતદારો તેમજ ૨૫ હજાર મતદારો રાજપૂત ક્ષત્રિય હોવાથી આંકડાકીય માહિતી કોંગ્રેસી કાર્યકર દ્વારા પુરી પાડી તલોદ તાલુકામાં કોંગ્રેસ પક્ષ ઠાકોર જ્ઞાતિને પ્રાધાન્ય આપે તેવી માંગ ઉઠવા પામી છે. તો ભાજપ પક્ષના કાર્યકર્તાઓ પણ તલોદ તાલુકાને પ્રતિનિધિત્વ મળે તેવી જોરદાર માંગ કરી રહ્યા છે. સતત અવગણના સહેતો તલોદ તાલુકો તાલુકાની નેતાગીરીના અભાવે વિકાસથી વંચિત રહ્યો હોવાનો લોકમત પણ ચૂંટણી સમયે મતદારોમાં જોવા મળી રહ્યો છે.

ઈડર તાલુકા કક્ષાનો યુવા મહોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કાનપુર ગામે આવેલી ડી.કે. પટેલ હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો યુવા મહોત્સવ યોજાયો હતો. આ યુવા મહોત્સવમાં સ્કૂલના વિદ્યાર્થી ચારણ સંજયકુમાર અજીતદાને લોકવાર્તા સહિત દોહા, છંદ, ચોપાઈમાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન તેમજ જિલ્લા કક્ષાએ યોજાયેલ મહોત્સવમાં લોકવાર્તામાં પ્રથમ અને દોહા, છંદ, ચોપાઈમાં બીજુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળા તેમજ ગામનું ગૌરવ વધારવા બદલ આચાર્ય એસ.વી. ચૌધરી, પ્રમુખ ચેલજી પટેલ, મંત્રી આર. એમ. પટેલ, કારોબારી સભ્યો સહિત ગ્રામજનોએ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

(તસવીર : કાન્તિલાલ લોધા-ડીસા)

ડીસા શહેરમા છેલ્લા પંદર દિવસથી ફુવારા સર્કલ પાસે આવેલ આરતી કોમ્પલેક્ષ બિલ્ડીંગ ઉપર એલ.સી.ડી સ્ક્રીન બીન કાયદેસર રીતે લગાવેલ હતી. તેના અનુસંધાનમાં 'ગાંધીનગર સમાચાર'માં છપાયેલ સમાચારને ધ્યાનમાં લઈ આજરોજ આ એલ.સી.ડી સ્ક્રીન બંધ ડીસા નગરપાલિકા દ્વારા બંધ કરાવી દેવામાં આવી છે.

(તસવીર : રામજીભાઈ રાયગોર, કાંકરેજ)

શિહોરી ગામે આવેલ ગૌ માતાના મંદિરે શરદપૂર્ણિમા તેમજ આસો નવરાત્રી નિમિત્તે હવનનો કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકા મથક શિહોરી ગામે આવેલ ગૌ માતાના મંદિરે આસો સુદી નવરાત્રી - શરદપૂર્ણિમા નિમિત્તે ગૌ માતા મંડળ દ્વારા આજે ગાય માતાના મંદિરે યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞના આચાર્યપદે શ્રી નાનુભાઈ જોષી, મુકેશભાઈ શાહ, ઉમેશ જયસ્વાલ, હસમુખ ગોસ્વામી, પુનુભા ડાભી, ઝેણાજી ડાભી, પ્રતાપજી ડાભી તેમજ રાજુભા ડાભી વિગેરે મંડળના સભાશ્રીઓએ આ પાવન પ્રસંગે હાજરી આપી માતાજીના નિજ સ્થાનકે માથું ટેકવી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા.

પાલનપુરમાં ટેન્કરની અડફેટે બે બાઈક સવારોને ગંભીર ઈજા

પાલનપુર, તા.૨

પાલનપુર શહેરના કોઝી વિસ્તારમાં કોઈ અજાણ્યા દુધના ટેન્કરના ચાલકે બાઈકને ટકકર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર રૂપલભાઈ ઉ.વ.૩૦ રહે. ગોલવાડા તથા બલા રેમા ફ્રાંગી ઉ.વ.૨૪ રહે. ગણવાવાળાઓને ગંભીર ઈજાઓ થઈ હતી. આ બનાવની જાણ થતાં જિલ્લા ટ્રાફીક પી.આઈ. એ.જી. રબારી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવી બંને ઈજાગ્રસ્ત યુવાનોને પાલનપુર સિવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં સહભાગી બન્યા હતા.

દાંતા નજીક કવોરીમાંથી ગેરકાયદેસર બ્લાસ્ટીંગના સામાન સાથે એકની અટકાયત

પાલનપુર, તા.૨

દાંતા નજીકથી એસ.ઓ.જી. પોલીસે એક કવોરીમાંથી ગેર કાયદેસરના બ્લાસ્ટીંગના સામાન સાથે એક ઈસમની અટકાયત કરી હતી.

એસ.ઓ.જી. પી.આઈ. એમ.એમ. ગઢવી તથા સ્ટાફના માણસોને બાતમી મળી કે દાતાના ભેમાળ નજીક અર્બુદા કવોરીમાં ગેરકાયદેસર બ્લાસ્ટીંગનો સામાન છે. જેના આધારે એસ.ઓ.જી.એ ગતરોજ અર્બુદા કવોરીમાં ઓચિંતી તપાસ કરતા છોટુલાલ રંગીલાલ રાજગોણ મુળ રહેવાસી મધ્યપ્રદેશવાળા પાસેથી જીલેટીન સ્લીક નંગ ૩૪ તથા અર્ધા ટુકડા નંગ ૩૨ તેમજ એથલોજીવ અનેડેટોનેટર કેપ નંગ ૧૦ તથા સેફ્ટી ફ્યુઝ વાયર સહિતના બ્લાસ્ટીંગના સામાન મળી આવતા છોટુલાલ રાજગોણની અટકાયત કરી તમામ મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરમાં ૯ લાખ રૂપિયાની લુંટના ૨૪ કલાક બાદ પોલીસને કોઈ નકકર કડી મળી નથી

પાલનપુર, તા.૨

પાલનપુરમાં ગુરુવારે બપોરે એસબીઆઈમાંથી રૂ. ૯ લાખ લઈ ઘરે જતાં કોમર્સ કોલેજના પ્રો. એમ.કે. મકવાણાના સ્કુટર પાછળ બેઠેલ પ્રો. ધંધુકીયાના હાથમાંથી પ્રો. મકવાણાના રૂપિયા ભરેલી થેલી લુંટી અજાણ્યા બાઈક સવારો નાસી છુટયાની ઘટનાના ૨૪ કલાક સુધી જિલ્લા પોલીસને આ ગુનાની કોઈ મહત્વની કડી હાથ લાગી નથી.

આ બનાવ અંગે પશ્ચિમ સીટી પોલીસ સ્ટેશને પ્રો. મહેશભાઈ મકવાણાની ફરિયાદને આધારે પી.એસ.આઈ. સુરેજાએ તપાસ હાથ ધરી કીટેકશન સ્ટાફ અને એસ.પી. અશોક યાદવની સીધી દેખરેખ હેઠળ કાઈમ બ્રાન્ચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પ્રોબેશન ડીવાયએસપી જાડેજા સહિત જુદી જુદી ૪ ટીમોએ આ લુંટના ગુનાનો ભેદ ઉકેલવાની કામગીરી હાથ ધરી છે. જેને હજુ સુધી કોઈ મહત્વની જાણકારી મળેલ નથી.

વધુમાં આ અગાઉ આ પ્રકારના ગુનાઓમાં પોલીસના હાથે ઝડપાયેલા ઈસમોની લાંબી પુછપરછ હાથ ધરવામાં આવેલ છે તથા પડોશી જિલ્લા મહેસાણા, પાટણ અને સાબરકાંઠા અને અમદાવાદ અને ગાંધીનગર પોલીસની પણ મદદ લેવામાં આવી છે.

વધુમાં પોલીસને જે એસ.બી.આઈ.ની અંદર આવેલ સીસીટીવી ફુટેજ મા.પ્રો.મકવાણાએ નાણા ઉપેડલ તે સમયે અન્ય ફુટેજમાં બે શકમંદો પોલીસ તપાસમાં પોલીસે આ ગુનામાં હોવાની શંકાને આધારે તપાસ હાથ ધરી છે. તથા વધુમાં આ અંગે ફોન પર વિગતો આપતા એસ.પી. અશોક યાદવે જણાવેલ કે પ્રો. બે. ડીવાયએસપી જાડેજા અને પોલીસની અન્ય એજન્સીઓ વાળા સાથે આ ગુનાની હાથ ધરાયેલ તપાસમાં પોલીસને અમદાવાદના આ મોડસ ઓપરેન્ડીથી ગુનો કરવા માહિર એવા છારા કોમના વિસ્તારથી સરદાર નગર ખાતે એલ.સી.બી.ની ટીમના પી.આઈ. જી.આર. રબારી અને સ્ટાફના મોકલવામાં આવેલ છે તથા આ ઘટના કમ દરમિયાન જુના ગંજ રોડથી જામપુરા સુધીના માર્ગ પર આવેલ કેટલીક દુકાનો શોરૂમો, જવેલર્સ, અન્ય બેંકના બહાર મુખ્ય રોડ પર લાગેલ સીસીટીવીના ફુટેજો મેળવી તે અંગેની તપાસ હાથ ધરાયેલ છે. આમ પોલીસે જુદી જુદી દિશાઓમાં લુંટની વિગતો એકત્ર કરવાની દિશા તરફ તપાસ આગળ વધારી છે.

ભાગદોડ ભરેલી જીંદગીમાં અચાનક જરૂરત વખતે મોબાઈલ ફોનમાં ઈમરજન્સી કોન્ટેક્ટ લીસ્ટ બનાવો

પાલનપુર, તા. ૨

મેમનગરના જી.એસ. એફ.સી. મોટી ખાવડીમાં નોકરી કરતા અને વર્ષો સુધી ચાલ્યા જ કરે તેવું મોઢેરિયન કેલેન્ડર બનાવનાર એવા પાલનપુરના વતની શ્રી અશોક બી. મોઢ જેઓએ મોબાઈલમાં જનજાગૃતિ લાવવાનો સારો એવો પ્રયાસ કરેલ છે. તો ચાલો જોઈએ આજના જમાનામાં માણસો મશીનની માફક કામ કરતા થયા ત્યારે ટેન્શનના કારણે હાર્ટ એટેક, બીપી, ડાયાબીટીસ જેવા અનેક અણધાર્યા રોગો ગમે ત્યારે માણસને ઝડપી મેળવવા માટે સર્વ મોબાઈલ ધારકોને અશોકનો અફલાતુન આઈડીયાનો અમલ કરવો ખુબજ જરૂરી છે.

દરેક પોતાના મોબાઈલમાં ઈમરજન્સીના નામ-નંબરોનું ગ્રુપ બનાવવું જેમ કે એમ્બ્યુલન્સ, ફાયરસ્ટેશન, પોલીસ સ્ટેશન તથા ઈમરજન્સી વખતે દવાખાને દોડીને આવી શકે તેવા મિત્રોના નામ નંબરોનું ઈમરજન્સીનું ઈગ્રુપ બનાવીને મોબાઈલમાં સેવ કરશો અને

બીજાઓને કરાવશે.

મોબાઈલમાં ઘણા નંબરો હોવાથી નજીકના સગાઓ તથા મિત્રોના નંબરો આલ્ફાબેટીક પ્રમાણે સેવ થતા હોવાથી ઝડપથી મળતા નથી. તથા ગમે ત્યારે ઈમરજન્સી આવે ત્યારે પોતાને અથવા બીજા કોઈપણને મોબાઈલમાં ઈ ગ્રુપ સીલેક્ટ કરવાથી બધી જ માહિતી સરળતાથી મળી શકશે. તથા જરૂર પડે ત્યાં ઝડપથી બોલાવી પણ શકશે.

મોબાઈલમાં સર્વપ્રથમ ઈ લખીન સ્પેસ છોડીને નામ-નંબરો નીચે પ્રમાણે સેવ કરવા જે નીચે ઉદાહરણ તરીકે આપેલ છે. ગુજરાતીમાં લખવા માટે

ઈ એમ્બ્યુલન્સ, ઈ ફાયરસ્ટેશન, ઈ પોલીસ સ્ટેશન, ઈ પિતાશ્રી, ઈ માતૃશ્રી, ઈ ભાઈશ્રી, ઈ મિત્ર

જો આપને અશોક મોઢનું આ નાનું સુચન યોગ્ય લાગતુ હોય તો ૧૦૮ની જેમ જનહિતના લાભાર્થે પ્રચાર કરાવીને જનજાગૃતિ લાવશે.

પ્રાંતિજમાં ૩૩ લાખથી વધુના દારૂના જથ્થાનો નાશ

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ તાલુકાના વિવિધ પોલીસ મથકોની હદમાંથી પકડાયેલ જુદી જુદી બ્રાન્ડનો રૂ. ૩ લાખથી વધુના દારૂના જથ્થાનો પ્રાંત અધિકારીની હાજરીમાં પોલીસે બુલડોઝર ફેરવી નાશ કર્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ પ્રાંતિજ તલોદના પ્રાંત અધિકારી આશાબેન શાહની રાહબરી હેઠળ પ્રાંતિજ પોલીસ દ્વારા પકડાયેલ ૧૨૫૭૩ બોટલ કિંમત રૂ. ૩૧,૫૦,૮૦૦ તેમજ તલોદ પોલીસે પકડેલ ૧૯૭૫ બોટલ કિંમત રૂ. ૨,૩૩,૭૫૦ સહિત કુલ રૂ. ૩૩,૮૪,૫૫૦ના વિદેશી દારૂનો જથ્થો પ્રાંતિજની બોખની પડતર જમીનમાં રોલર અને જેસીબી ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. જેમાં સાબરકાંઠા એસ.પી. પ્રાંતિજ મામલતદાર અંબાલાલ પ્રજાપતિ, તલોલ મામલતદાર, જયંતિભાઈ શ્રીમાળી, પ્રાંતિજ પી.આઈ. ઉપાધ્યાય વગેરે હાજર રહ્યા હતાં.

ગાંધીનગર સ્થિત એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાની ૮ વનવાસી શાળાના બાળકોને પ્રતિ વર્ષની માફક આ વર્ષે ગરમ સ્વેટર તથા નવા કપડાંનું વિતરણ કર્યું હતું. વેડ, ગડા, ધરમકાટ, ખોખબેડ તથા ખોખરાની શાળાઓના આશરે ૧૩૪૦ બાળકોને દિવાળી નિમિત્તે ૪૧૦ નંગ સ્વેટર તથા ૫૪૦ નંગ નવા કપડાં, બોલપેન, પેન્સીલ, રબ્બર તથા વેસલીનનું વિતરણ કર્યું હતું.

(તસવીર : રામજીભાઈ રાયગોર, કાંકરેજ)

કાંકરેજ તાલુકાના પાદરડી ગામે કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી હરગોવનભાઈ શીરવાડીયા, મેવાજી સોમતાજી, પૂર્વ પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત બનાસકાંઠા, અણદુભા ડાભી, ભારત સરકારના હેન્ડલૂમ ડીરેક્ટરશ્રી, જગદીશભાઈ આચાર્ય, ઉપપ્રમુખ કોંગ્રેસ સમિતિ કાંકરેજ ભૂપતાજી ઠાકોર, વાઈસ ચેરમેન થરા માર્કેટ યાર્ડ, જિલ્લા પંચાયતના સદસ્યશ્રી બચુજી વણાજી, શંકરજી માંડલા, ધારશીભાઈ સેલોત થરા ટેકરાવાળા, કપુરસિંહ ઠાકોર, અદિતસિંહ જાદવ, સુરભા રાજપુરવાળા પ્રહલાદજી ચેખલા, ચંદનજી, લેબુજી ઠાકોર, ભરતજી ઠાકોર તેમજ કાંકરેજ તાલુકાના સરપંચો તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રસંગે લોકોને પંજાને વોટ આપી ગુજરાતમાં પરિવર્તન લાવવા માટે હાંકલ કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન